Seat No. : _______________

# AG-143

**April-2015**

**T.Y.B.A.**

**Paper-X : Gujarati**

**(Special Author)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો **14**

(1) શાલિભદ્રસુરિના ગુરૂનું નામ શું હતું ?
(a) વજસેનસૂરિ (b) હેમચંદ્રાચાર્ય (c) ઋષભદેવ (d) ચંદ્રસૂરિ

(2) 'ભરતેશ્વર-બાહુબલિરાસ' નો મુખ્ય રસ કયો છે ?
(a) કરૂણ (b) હાસ્ય (c) વીર (d) રૌદ્ર

(3) 'ભરતેશ્વર-બાહુબલિરાસ' કેટલી ઠવણીની રચના છે ?
(a) 15 (b) 13 (c) 11 (d) 14

(4) ભરતેશ્વર અને બાહુબલિ વચ્ચે કેટલાં વર્ષો યુદ્ધ ચાલ્યું હતું ?
(a) સોળ (b) બાર (c) એકવીસ (d) ચૌદ

(5) ઉદર નિમિત્તે પ્રેમાનંદ ક્યાં જઈને વસ્યા હતાં ?
(a) નંદરબાર (b) કાશી (c) ભરૂચ (d) વડોદરા

(6) પ્રેમાનંદે કયો વ્યવસાય સ્વીકાર્યો હતો ?
(a) શિક્ષક (b) કર્મકાંડ (c) માણભટ્ટ (d) જ્યોતિષ

(7) 'સુદામાચરિત્ર' નું કથાવસ્તુ પ્રેમાનંદે કયા ગ્રંથમાંથી લીધું છે ?
(a) રામાયણ (b) મહાભારત (c) પુરાણ (d) દશમસ્કંધ

(8) પ્રેમાનંદની શ્રેષ્ઠ આખ્યાન રચના કઈ ?
(a) 'નળાખ્યાન' (b) 'મામેરૂં' (c) 'સુદામાચરિત્ર' (d) 'ઓખાહરણ'

(9) ગાંધીજીના માતાનું નામ શું હતું ?
(a) જનાબાઈ (b) પૂતળીબાઈ (c) કૃષ્ણાબાઈ (d) દેવકીબાઈ

(10) ગાંધીજીએ 'ગુજરાત વિદ્યાપીઠ' ની સ્થાપના કઈ સાલમાં કરી હતી ?
(a) 1920 (b) 1921 (c) 1915 (d) 1925

(11) ગાંધીજીએ ચલાવેલ સામાયિકનું નામ જણાવો.
(a) ઉદ્ધાર (b) દેશબંધુ (c) દલિતબંધુ (d) હરિજનબંધુ

(12) વીનેશ અંતાણીનું જન્મસ્થળ જણાવો.
(a) કચ્છ (b) દુર્ગાપુર (c) મુંબઈ (d) અમદાવાદ

(13) વીનેશ અંતાણીની પ્રથમ નવલકથા કઈ ?
(a) 'નગરવાસી' (b) 'કાફલો' (c) 'પ્રિયજન' (d) 'પલાશવન'

(14) વીનેશ અંતાણીની કઈ નવલકથાને સાહિત્ય અકાદમી દિલ્હીનો એવોર્ડ મળ્યો હતો ?
(a) 'એકાંતપ્રિય' (b) 'હોલારવ' (c) 'ધૂંધભરી ખીણ' (d) 'સર્પદંશ'

2. (અ) 'ભરતેશ્વર – બાહુબલિરાસ' નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. 7

**અથવા**

'ભરતેશ્વર – બાહુબલિરાસ' ના કથાવસ્તુનો પરિચય આપો.

(બ) આખ્યાનકાવ્ય તરીકે 'સુદામાચરિત્ર' ને મૂલવો. 7

**અથવા**

'સુદામાચરિત્ર' ની વસ્તુ-સંકલનાકલાનો પરિચય કરાવો.

3. (અ) 'સત્યના પ્રયોગો' માં પ્રાપ્ત થતાં ગાંધીજીના વ્યક્તિત્વ વિકાસને આલેખો. 7

**અથવા**

સીમાચિહ્નરૂપ આત્મકથા તરીકે 'સત્યના પ્રયોગો' ની ચર્ચા કરો.

(બ) 'પ્રિયજન' માં પ્રગટ થતાં રચનારીતિના વૈવિધ્ય વિશે લખો. 7

**અથવા**

વીનેશ અંતાણીકૃત 'પ્રિયજન' ના કથાવસ્તુનો સંક્ષેપમાં પરિચય આપો.

4. (અ) ગમે તે **એક** નોંધ લખો : 7

(1) 'ભરતેશ્વર – બાહુબલિરાસ' ની વર્ણનકલા

(2) 'ભરતેશ્વર – બાહુબલિરાસ' માં શુકન-અપશુકનનું નિરૂપણ

(બ) ગમે તે **એક** નોંધ લખો : 7

(1) દ્વારિકાથી પાછા ફરતાં સુદામાની મનઃસ્થિતિ

(2) સુદામાનું ગૃહસ્થજીવન

5. (અ) કોઈપણ **એક** નોંધ લખો : 7

(1) 'સત્યના પ્રયોગો' ને આધારે ગાંધીજીની ધર્મભાવના

(2) 'સત્યના પ્રયોગો' શીર્ષકની યથાર્થતા

(બ) કોઈપણ **એક** નોંધ લખો : 7

(1) 'પ્રિયજન' નો આરંભ અને અંત

(2) 'પ્રિયજન' માં નિકેત-ઉમાનો દામ્પત્ય સ્નેહ